પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૪ | ૧૪ ઓક્ટોબર, ૨૦૨૨, શુક્રવાર; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

હિજાબ મુદ્દે સુપ્રીમના જજમાં મતભેદ

હિજાબ પર પ્રતિબંધનો કેસ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ જશે : જસ્ટિસ હેમંત ગુપ્તાએ કર્ણાટક સરકાર વતી હિજાબ પરના પ્રતિબંધને યથાવત રાખ્યો હતો, જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ હાઇકોર્ટનો ચુકાદો રદ્દ કર્યો



નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટની ખંડપીઠ શાળા અને કોલેજોમાં હિજાબ પર પ્રતિબંધ વિરુદ્ધની અરજી પર નિર્ણય લઈ શકી નથી. જસ્ટિસ ગુપ્તાએ કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો માન્ય રાખી, હિજાબ ઉપરના પ્રતિબંધ સામેની અપીલ નામંજૂર કરી છે. જસ્ટિસ સુધાંશુ ધુલિયાએ હાઈકોર્ટનો ચુકાદો રદ્દ કર્યો અને હિજાબ ઉપરનો પ્રતિબંધ અયોગ્ય ઠેરવ્યો છે. જસ્ટિસ ધુલિયાએ રાજ્ય સરકારનો પ્રતિબંધ મૂકતો ઠરાવ પણ રદ્દ કર્યો છે. ખંડપીઠના બન્ને જજના અલગ અલગ મંત્વ્યથી હવે સમગ્ર મામલો ચીફ જસ્ટિસ સમક્ષ જશે. દેશના ચીફ જસ્ટિસ યોગ્ય નિર્ણય લઈ આ કેસમાં આગળનો માર્ગ નક્કી કરશે. બે સભ્યોની બેન્ચમાં આ મુદ્દે મતભેદો હતા. આવી સ્થિતિમાં હવે આ કેસ ત્રણ જજોને સોંપવામાં આવ્યો છે. હવે મોટી બેન્ચમાં સર્વસંમતિ અથવા બહુમતીથી જ નિર્ણય લઈ શકાશે.

ગુરુવારે જસ્ટિસ હેમંત ગુપ્તાએ પોતાનો ચુકાદો આપતાં કર્ણાટક સરકાર વતી હિજાબ પરના પ્રતિબંધને યથાવત રાખ્યો હતો અને વિરોધીઓની અરજીને ફગાવી દીધી હતી. સાથે જ

● અનુસંધાન પાન-૭ પર

પાકિસ્તાનના સિંધમાં બસમાં આગ લાગતા ૧૭નાં મોત

પૂરથી બચીને ઘરે જઈ રહેલા લોકોને આગ ભરખી ગઈ : ઈંટરસિટી બસમાં ૫૦થી વધારે પુર પીડિતોને લઈ જવામાં આવી રહ્યા હતા, જે કરાંચીથી હંગામી ધોરણે બનાવેલા શેલ્ટર હોમમાં રહી રહ્યા હતા

કરાંચી,તા.૧૨

પાકિસ્તાનમાંથી એક કરુણ ઘટના સામે આવી છે. પાકિસ્તાનના સિંધ જિલ્લામાં એક બસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં બસમાં સવાર ૧૭ લોકોના જીવતા સળગી જવાથી મોત થઈ ગયા છે. આ ઘટના કરાંચીથી લગભગ ૯૦ કિમી દૂર નીરિયાબાદ શહેરમાં થઈ હતી. પાક અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, ખૈરપુર નાથન શાહ વિસ્તારમાં જઈ રહેલી એક બસમાં નૂરિયાબાદની નજીક નેશનલ હાઈવે પર આગ લાગવાથી લગભગ ૧૭ જેટલા લોકોના મોતની પુષ્ટિ થઈ છે અને ૨૦ અન્ય ઘાયલ થઈ ગયા છે. પોલીસે કહ્યુ કે, ઈંટરસિટી બસમાં ૫૦થી વધારે પુર પીડિતોને લઈ જવામાં આવી રહ્યા હતા. જે કરાંચીથી હંગામી ધોરણે બનાવેલા શેલ્ટર હોમમાં રહી રહ્યા હતા. આ તમામ પુર પીડિત ખૈરપુર નાથન શાહ પોતાના ઘરે

પાછા ફરી રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, નૂરિયાબાદની નજીક એમ-૯ મોટરવે પર જમશોરો અને હૈદરાબાદની નજીક અચાનક બસમાં આગ ફાટી નિકળી હતી.

વૈશ્વિક મંદીમાં ભારતની ભૂમિકાની પ્રશંસા

સંસ્થાના મુખ્ય ઈકોનોમિસ્ટ પિયરે ઓલિવરે ભારતના ડિજિટલાઈઝેશનના પ્રયાસોની ભારે પ્રશંસા કરી

નવી દિલ્હી, તા.૧૩

દુનિયાભરમાં મંદીના વાગી રહેલા ભણકારા વચ્ચે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ ભારતની ભરપૂર પ્રશંસા કરી રહ્યુ છે. સંસ્થાના મુખ્ય ઈકોનોમિસ્ટ પિયરે ઓલિવરે ભારતના ડિજિટલાઈઝેશનના પ્રયાસોની પ્રશંસા કરીને કહ્યુ છે કે, ભારતનુ આ પગલુ બહુ મોટુ બદલાવ લાવશે. કારણકે ડિજિટલાઈઝેશન ઘણી બાબતોમાં મદદરૂપ થઈ રહ્યુ છે.

ભારત જેવા દેશમાં જ્યાં બેંકિંગ સિસ્ટમ સાથે નહીં જોડાયેલા લોકોની સંખ્યા મોટી છે ત્યાં હવે લોકો ડિજિટલ વોલેટ અપનાવીને બેંકિંગ સિસ્ટમ સાથે જોડાઈ રહ્યા છે. તેનાથી બહુ મોટા બદલાવ આવી રહ્યા છે અને અર્થતંત્રમાં પણ વૃધ્ધિ થઈ રહી છે.

ઓલિવરે કહ્યુ હતુ કે, દુનિયા જ્યારે મંદીનો સામનો કરી રહી છે ત્યારે ભારત એક રોશની

● અનુસંધાન પાન-૭ પર

પાછલી સરકારોને લીધે જ હિમાચલ વિકાસમાં પાછળ

હિમાચલ પ્રદેશના ચંબામાં મોદીનું ચૂંટણી રેલીમાં સંબોધન

ચંબા, તા.૧૩

હિમાચલ પ્રદેશના ચંબામાં એક ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અગાઉની સરકારોમાં પણ રસ્તા, પાણી અને વીજળીના મામલે પહાડી અને આદિવાસી વિસ્તારોની સંખ્યા પાછળથી આવી. તેમના આગમનમાં વિલંબ થવા બદલ ચંબાના લોકોની માફી માગતા વડાપ્રધાને કહ્યું કે થોડા દિવસો પહેલા હું મહાકાલ શહેરમાં હતો અને આજે હું મણિ મહેશના માર્ગદર્શન હેઠળ આવ્યો છું. પોતાની સરકારની ઉપલબ્ધિઓ ગણાવતા પીએમએ કહ્યું કે અમે કહેવત બદલી નાખી છે કે પહાડનું પાણી અને પહાડનું યુવાધન કામનું નથી. તમારા જીવનને સરળ બનાવનાર આ તમામ પ્રોજેક્ટ્સ માટે તમને ખૂબ ખૂબ અભિનંદન.'

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે, ત્યારે હિમાચલ પણ તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે. આવનારા દિવસો સમગ્ર દેશ અને હિમાચલના લોકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. અમે શાંતા જી અને ધૂમલ જીને અહીં જીવન વિતાવતા જોયા છે. અગાઉ હિમાચલ માટે દિલ્હીમાં ધરણા કરવા પડ્યા હતા, અરજીઓ કરવી

● અનુસંધાન પાન-૭ પર

યુક્રેનને નાટોમાં સામેલ કરાશે તો ત્રીજા વિશ્વયુદ્ધની રશિયાની ધમકી

નાટો સંગઠનમાં દાખલ થવા યુક્રેનની ફરી અરજી : નાટો દેશોએ કહ્યુ છે કે, રશિયાના હુમલાનો સામનો કરવા માટે યુક્રેનને વધારે સૈન્ય-એર ડિફેન્સ સિસ્ટમ અપાશે

નવી દિલ્હી, તા.૧૩

રશિયાએ પોતાનુ આક્રમણ તેજ કર્યા બાદ યુક્રેને ફરી વખત નાટો સંગઠનમાં સામેલ થવા માટે અરજી કરી છે ત્યારે રશિયાએ ખુલ્લી ધમકી આપતા કહ્યુ છે કે, જો યુક્રેનને નાટોમાં સામેલ કરાયુ તો ત્રીજુ વિશ્વયુધ્ધ શરૂ થઈ જશે.

બીજી તરફ રશિયાએ પોતાના હુમલા ચાલુ રાખ્યા છે.યુક્રેનની રાજધાની કીવ પર રશિયાએ ઈરાનના આત્મઘાતી ડ્રોનનો ઉપયોગ હુમલો કરવા માટે કર્યો છે. રશિયાનુ કહેવુ છે કે, યુક્રેનને પણ ખબર છે કે નાટો દેશોમાં જોડાવાથી ત્રીજુ વિશ્વયુધ્ધ ફાટી નીકળવાની ગેરંટી છે. પશ્ચિમ દેશો યુક્રેનને મદદ કરીને આ યુધ્ધમાં સીધો ભાગ લઈ રહ્યા છે.

જોકે રશિયાએ આપેલી ધમકી પછી પણ નાટો દેશોએ કહ્યુ છે કે, રશિયાના હુમલાનો સામનો કરવા માટે યુક્રેનને વધારે સૈન્ય સહાયતા અને એર ડિફેન્સ સિસ્ટમ આપવામાં આવશે.અમેરિકા હવે પોતાની પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમ યુક્રેનને આપવા માટે વિચારણા કરી રહ્યુ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ જોકે નાટો દેશો અને દુનિયાના જી સેવન દેશોને કહ્યુ છે કે, રશિયાએ કરેલા હુમલા આતંકની એક નવી લહેર છે અને આખી દુનિયાએ તેનો જવાબ આપવાની જરૂર છે. રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે કોઈ વાતચીત શક્ય નથી. આ વાતચીત રશિયામાં જો બીજુ કોઈ પ્રમુખ બને તો જ શક્ય છે.

જમ્મુના ડેપ્યુટી કમિશનરે નિર્ણય પરત ખેંચ્યો

રહેઠાણના આધારે મતદાર યાદીમાં સમાવેશનો નિર્ણય પાછો ખેંચાયો

મહેબૂબા મુફ્તી, અમર અબ્દુલ્લા અને ગુલામ નબી આઝાદ જેવા નેતાઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો

શ્રીનગર, તા.૧૩

જમ્મુના ડેપ્યુટી કમિશનરે જમ્મુમાં એક વર્ષથી વધુ સમયથી રહેતા લોકોને રહેઠાણ પ્રમાણપત્ર આપવા માટે તમામ તહસીલદારને અધિકૃત કરતી સૂચના પાછી ખેંચી લીધી છે. તેઓને રહેઠાણના પ્રમાણપત્રના આધારે જ મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે. વહીવટીતંત્રના આ નિર્ણયનો ઉગ્ર વિરોધ થયો હતો. મહેબૂબા મુફ્તી, અમર અબ્દુલ્લા અને ગુલામ નબી આઝાદ જેવા નેતાઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. હવે સરકારે કોઈપણ ખુલાસા વગર પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ કહ્યું હતું કે, આ નિર્ણયથી જમ્મુ અને કાશ્મીરના મતદાતાના મતનું મૂલ્ય ખતમ થઈ જશે. તેમણે વધુમાં કહ્યું કે, આ કાયદો જમ્મુ-કાશ્મીર સિવાય દેશમાં ક્યાંય લાગુ નથી થતો. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ જમ્મુ-કાશ્મીરના મૂળ નાગરિકોને ખતમ કરીને બહારના લોકોને વસાવવા માંગે છે. સીમાંકનની મદદથી ભાજપે તેમના રાજકીય લાભને ધ્યાનમાં રાખીને મતવિસ્તારોને વિભાજિત કરવાની યોજના બનાવી છે.

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, હું ૨૩ વર્ષથી કહી રહી છું કે, કલમ ૩૭૦ નાબૂદ કરવાની ભાજપની ઈચ્છા ગેરકાનૂની છે. તેઓ જમ્મુ-કાશ્મીરના નાગરિકોને ખતમ કરવા માંગે છે. જો બહારથી લોકો કેન્દ્રશાસિત પ્રદેશમાં આવે છે અહીં સ્થાયી થઈ જાય તો સ્થાનિક લોકોની સંસ્કૃતિ, સમાજ અને રોજગાર નાશ પામશે.

બીજી તરફ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે પણ તેનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, જેઓ બહારના છે તેમને કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાન કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. આઝાદે કહ્યું કે, બહારના લોકોએ તેમનો મત કેન્દ્રશાસિત પ્રદેશમાં ન નાખવો જોઈએ. ફક્ત સ્થાનિક મતદારોને જ મંજૂરી આપવી જોઈએ. તેઓ તેમના રાજ્યોમાં સિસ્ટમ મુજબ સીલબંધ કવરમાં મતદાન કરી શકે છે. ત્યારબાદ ફક્ત સ્થાનિક લોકો જ મતદાન કરે છે.

તમને જણાવી દઈએ કે, ઓગસ્ટમાં ચૂંટણી પંચે જમ્મુ-કાશ્મીરમાં મતદાર યાદીમાં વિશેષ સુધારાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, આ વિસ્તારમાંથી કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ જે લોકો વિધાનસભામાં મતદાતા ન હતા તેમના નામ હવે મતદાર યાદીમાં રાખી શકાશે. એક અધિકારીના જણાવ્યા પ્રમાણે આ માટે વ્યક્તિએ કેન્દ્રશાસિત પ્રદેશનો કાયમી નિવાસી હોવું જરૂરી નથી.

પેરાસિટામોલ સહિતની ૪૫ દવાના સેમ્પલ નબળી ગુણવત્તાવાળા જાહેર

ચંદીગઢ, તા.૧૩

ભારતીય દવા કંપની કફ સિરપ પીવાથી આફ્રીકી દેશ ગાંબિયામાં ૬૬ બાળકોના મોતના આરોપો વચ્ચે દેશમાં વધુ કેટલીક કંપનીઓના સેમ્પલ ફેલ થઈ ગયા છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) દ્વારા ગયા મહિને જાહેર કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે લગભગ ૪૫ દવાઓના સેમ્પલ નબળી ગુણવત્તાના હોવાનું જાણવા મળ્યું છે. ફેલ થયેલા સેમ્પલમાંથી ૧૩ હિમાચલ પ્રદેશમાં સ્થિત મેન્યુફેક્ચરિંગ યુનિટના છે. જે દવાઓના સેમ્પલ નિષ્ફળ ગયા છે તેમાં પેરાસિટામોલ પણ સામેલ છે. જે ખૂબ જ વપરાશમાં લેવાય છે અને સામાન્ય છે. આ વર્ષે મે મહિનામાં આસિસ્ટન્ટ ડ્રગ્સ કંટ્રોલર એન્ડ લાયસન્સિંગ ઓથોરિટી નવી દિલ્હીએ

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તરાખંડમાં ગેંગસ્ટરને પકડવા ગયેલી યુપી પોલીસ પર હુમલો

ઉધમસિંહ નગર, તા.૧૩

ઉત્તરાખંડના કાશીપુરમાં ૫૦ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવેલા બદમાશની ધરપકડ કરવા ગયેલી યુપી પોલીસ પર સ્થાનિક લોકોએ હુમલો કર્યો. આ દરમિયાન બંને તરફથી ફાયરિંગ થયું હતું. ફાયરિંગમાં એક મહિલાનું મોત થઈ ગયુ હતું. બીજી તરફ એસએચઓ સહિત ૫ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. મહિલાના મોત બાદ વિસ્તારમાં હોબાળો મચી ગયો છે. હજારો લોકોએ હંગામો મચાવ્યો હતો અને હાઈવે બ્લોક કરી દીધો હતો. આ મામલામાં પોલીસ અને પીડિત પરિવાર બંનેના અલગ-અલગ દાવા છે.

મૃતક મહિલા ઉધમ સિંહ નગરની હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ મામલામાં યુપી પોલીસ અને પીડિતાના પરિવાર બંને તરફથી

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં દર કલાકે ચાર લક્ઝરી કારનું વેચાણ

લક્ઝરી કારને માર્કેટ નહીં મળે એવો અંદાજ ખોટો પડ્યો : નવ મહિનામાં ૨૫,૦૦૦ થી વધારે લક્ઝરી કારનું વેચાણ

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં એક સમયે એવું માનવામાં આવતું હતું કે લક્ઝરી કાર બહુ ઓછા લોકો ખરીદી શકશે અને આ દેશમાં માત્ર સસ્તી સ્મોલ કાર જ ચાલશે, પરંતુ આ અંદાજ ખોટો પડ્યો છે. ૨૦૨૨ના પ્રથમ નવ મહિનામાં ભારતમાં મોંઘીદાટ લક્ઝરી કારના વેચાણના આંકડા આશ્ચર્યજનક છે. એક ગણતરી પ્રમાણે આ વર્ષના નવ મહિનામાં

દર કલાકે ચાર લક્ઝરી કારનું વેચાણ થયું છે. ભારતના ધનાઢ્ય લોકો થોડા થોડા વર્ષે કાર બદલતા રહે છે અને લક્ઝરી કારની આદત પડ્યા પછી તેઓ હંમેશા નવા અને મોંઘા વર્ઝન પસંદ કરે છે. તેના કારણે દેશમાં આઉડી, બીએમડબલ્યુ, મર્સિડિઝ સહિતની લક્ઝરી કારના વેચાણમાં ભારે ઉછાળો આવ્યો છે.

ઓટો ઈન્ડસ્ટ્રીના સિનિયર એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું કે ઘણા લોકોની ખર્ચપાત્ર આવક વધી છે જેના કારણે તેઓ લક્ઝરી કાર પાછળ નાણાં વાપરી રહ્યા છે. આ વર્ષના પ્રથમ નવ મહિનામાં દેશમાં ૨૫,૦૦૦ થી વધારે લક્ઝરી કાર વેચાઈ હતી. ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં તેમાં ૩૨ ટકા વધારો થયો છે. એટલું જ નહીં અઢી કરોડથી વધારે કિંમતની સુપર લક્ઝરી કારની માંગતો અત્યંત વધી છે.

પાકિસ્તાને કાશ્મીરનો મુદ્દો ઊઠાવતા ભારતે જડબાતોડ જવાબ આપ્યો

રશિયા-યુક્રેન યુદ્ધ પર યુએનજીએમાં વોટિંગની ચર્ચામાં પાક. રાજદ્વારીએ કાશ્મીરની સ્થિતિ સાથે યુદ્ધની તુલના કરી

નવી દિલ્હી, તા.૧૩

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રશિયા પરની ચર્ચા દરમિયાન પણ પાકિસ્તાન પોતાની હરકતોથી બાજ નહોતુ આવ્યું. તેમણે ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ ભારતે જડબાતોડ જવાબ આપ્યો હતો. રશિયા-યુક્રેન યુદ્ધને લઈને યુએનજીએમાં વોટિંગની ચર્ચા થઈ રહી હતી. આ દરમિયાન પોતાના ખુલાસામાં પાકિસ્તાની રાજદ્વારી મુનીર અકરમ સતત કાશ્મીરની સ્થિતિ સાથે રસિયા-યુક્રેન યુદ્ધની તુલના કરી રહ્યા હતા. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના

● અનુસંધાન પાન-૭ પર